## જોઈએ છે બિન-શૈક્ષણિક સ્ટાફ

શ્રી ગોપાલદાસ પટેલ ફાઉન્ડેશન સંચાલિત અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સંલગ્ન સાબર ગ્રામ સેવા મહાવિદ્યાલય, સોનાસણ માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા તારીખ ૦૨/૦૧/૨૦૨૬ ના રોજ મળેલ એન.ઓ.સી ક્રમાંક ગ્રા.વિ./NOC/૨૫-૨૬/૨૫-૨૭ તથા તારીખ ૦૭/૧૦/૨૦૨૩ ના રોજ મળેલ એન.ઓ.સી ક્રમાંક ગ્રા.વિ./NOC/૨૩/૫૮૧-૮૩ મુજબ નીચેની ખાલી બિન - શૈક્ષણિક જગ્યાઓની ભરતી માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | કેટેગરી | શૈક્ષણિક લાયકાત | વય મર્યાદા | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | જુનિયર ક્લાર્ક | ૦૧ | બિન અનામત | માન્ય યુનિવર્સિટીના સ્નાતક | ઓછામાં ઓછી ૨૦ વર્ષ અને વધુમાં વધુ ૩૫ વર્ષ | સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર રૂ. ૧૯,૯૫૦/- મળવાપાત્ર થશે. |
| ૨ | સિનિયર ક્લાર્ક | ૦૧ | બિન અનામત | માન્ય યુનિવર્સિટીના સ્નાતક | ઓછામાં ઓછી ૨૦ વર્ષ અને વધુમાં વધુ ૩૫ વર્ષ | |
| ૩ | વિસ્તરણ અધિકારી | ૦૧ | બિન અનામત | એમ.આર.એસ. ૫૫% ગુણ, (બી.આર.એસ. -વિસ્તરણ સાથે કરેલું હોવું જોઈએ) અથવા એમ.એસ.સી. (એગ્રી / એકસટેન્શન) ૫૫% ગુણ અથવા એમ.એસ.ડબલ્યુ. ૫૫% ગુણ | ઓછામાં ઓછી ૨૦ વર્ષ અને વધુમાં વધુ ૩૭ વર્ષ | સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર રૂ. ૩૮,૦૯૦/- મળવાપાત્ર થશે. |

વધુ વિગતો તેમજ લેખિત પરીક્ષાની પધ્ધતિ, અભ્યાસક્રમ, અન્ય નિયમો, શરતો તથા ગ્રામ વિદ્યાપીઠના કર્મચારીઓ માટેની આચાર સંહિતા સંસ્થાની વેબસાઇટ WWW.SABARGRAM.COM પર જોઈને સંપૂર્ણ વિગતો ધ્યાને લઈ અરજી કરવાની રહેશે.

જગ્યાને અનુરૂપ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન ૧૫ માં સંસ્થાની વેબસાઈટ ઉપર મુકેલ નિયત અરજી ફોર્મ મુજબ ફોર્મ ભરી જરૂરી તમામ પ્રમાણપત્રોની

પ્રમાણિત નકલો સાથે રૂપિયા ૪૭ ની ટપાલ ટિકીટ લગાવેલ તમારા સરનામા વાળા કવર સાથે સ્પીડ પોસ્ટથી નીચેના સરનામે મળે તે રીતે અરજી કરવાની રહેશે. ઉમેદવારે અરજી સાથે ૫૦૦ રૂપિયા પ્રોસેસ ફીનો **ACHARYA SABAR GRAM SEVA MAHAVIDHYALAYA, SONASAN** ના નામનો **PAYABLE AT PRANTIJ** નો ડી.ડી. જોડવાનો રહેશે. સમય મર્યાદા બાદ અને નિયત ફી વગરની તથા જરૂરી પ્રમાણપત્રો વગરની અરજી રદ કરવામાં આવશે. દરેક જગ્યા માટે અલગ અલગ અરજી કરવાની રહેશે તથા ફી ભરવાની રહેશે. લેખિત પરીક્ષા માટે લાયકાત ધરાવતા ઉમેદવારોની યાદી અને સમયપત્ર સંસ્થાની વેબસાઇટ WWW.SABARGRAM.COM પર મૂકવામાં આવશે. આથી સંસ્થાની વેબસાઇટ સમયાંતરે જોતાં રહેવું.

અરજી મોકલવાનું સરનામું
આચાર્યશ્રી, સાબર ગ્રામસેવા મહાવિદ્યાલય, સોનાસણ
તા. પ્રાંતિજ, જિલ્લો સાબરકાંઠા, પીન-૩૮૩૨૧૦.

| ક્રમ | સભ્યશ્રી | હોદ્દો | સહી |
|---|---|---|---|
| ૧ | કનુભાઈ એમ. પટેલ | ટ્રસ્ટનાં પ્રતિનિધિ | |
| ૨ | ડૉ. પ્રજ્ઞાબેન વાઢેર | સરકારશ્રી ના પ્રતિનિધિ | |
| ૩ | ડૉ. પ્રકાશચંદ્ર એન. પટેલ | કા.આચાર્ય | |
| ૪ | ડૉ. અજયકુમાર કે. પટેલ | જિલ્લા બહારના કેળવણીકાર | |
| ૫ | ડૉ. મુકેશભાઈ પી. પ્રજાપતિ | વિષય નિષ્ણાંત | |

## નિયમો:

૧. ઉમેદવાર રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા. ૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ નંબર સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫-થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાના પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ અથવા સરકારશ્રી માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમાં/ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમાં અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ. તેમજ આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝિક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલાં અચૂક રજૂ કરવાનું રહેશે. અન્યથા નિમણુંક મળવાપાત્ર થશે નહીં તેમજ નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી રદ કરશે.

૨. નાણા વિભાગના તારીખ ૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૬/પાર્ટ ૨/ઝ/૧ની જોગવાઈ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે ફીક્સ પગાર મળવા પાત્ર થશે. વધારાના કોઈજ ભથ્થા મળવા પાત્ર નથી.

૩. પસંદગી પામેલ ઉમેદવારે કોલેજ કેમ્પસમાં નિવાસ ફરજીયાત કરવાનો રહેશે, ખાદીનો પહેરવેશ પણ ફરજીયાત રહેશે તેમજ રાષ્ટ્રીય તહેવારોની ઉજવણીમાં ફરજીયાત હાજર રહેવાનું રહેશે અને અધિકૃત અધિકારીની મંજૂરી વગર મુખ્ય મથક છોડી સકાશે નહી.

૪. આ જગ્યા પર નિમણુંક પામનારે સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા તા. ૨૧/૦૪/૧૯૯૪ના ઠરાવથી ગ્રામ વિદ્યાપીઠના કર્મચારીઓ માટે નિયત થયેલ આચારસંહિતાના તમામ નિયમોનું સંપૂર્ણ પાલન કરવાનું બંધનકર્તા રહેશે જે અંગે ઉમેદવારે કોલેજને સંમતિપત્ર નિમણૂંક સમયે આપવાનો રહેશે.

૫. પાંચ વર્ષની માસિક ફિક્સ પગારની નોકરી પૂર્ણ થયે તેમની કામગીરીની સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજુર થયેલ પગાર ધોરણમાં લધુત્તમ પગારમાં નિમણૂંક આપવામાં આવશે. પરંતુ આવા ઉમેદવારે અગાઉ કરેલ પાંચ વર્ષની નોકરી સેવા વિષયક કોઈપણ હેતુ અર્થે ધ્યાને લેવામાં આવશે નહી તેમજ મંજુર પગાર ધોરણવાળી નોકરી સાથે જોડવામાં આવશે નહીં.

૬. આ જગ્યા હેઠળ નિમણૂક પામંનારને નિયત પગારમાં સમાવ્યા તારીખથી સરકારશ્રીના નાણાવિભાગના તારીખ ૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક: નપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી તથા તેને આનુષંગીક ઠરાવોને, આધીન નવ વર્ધીત પેન્શન યોજના લાગુ પાડવામાં આવશે.

૭. જો સદર ગ્રામ વિદ્યાપીઠમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટે અથવા અન્ય કોઈ કારણસર ગ્રામ વિદ્યાપીઠ બંધ થાય તો આ યોજના હેઠળ નિમણૂંક પામેલ કર્મચારીઓને છૂટા કરવામાં આવશે અને તેમને ફાજલનું રક્ષણ મળી શકશે નહીં.

૮. આ જગ્યા હેઠળ નિમણૂક પામનારને સમાન સંવર્ગના અધીકારી/કર્મચારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં જે સમય નિયત હોય તે પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઈવેટ પ્રેક્ટિસ કે અન્યત્ર પાર્ટ ટાઈમ નોકરી કરી શકશે નહી. જાહેર રજાના દિવસોએ પણ સરકારશ્રીની/સંસ્થાની કામગીરીની જરૂરિયાતોને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

૯. આ જગ્યા હેઠળ નિમણૂંક પામનારને પાંચ વર્ષ દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચુરણ રજા, જાહેર રજા અને ગ્રામ વિદ્યાપીઠના વેકેશન સિવાયની અન્ય કોઈપણ પ્રકારની રજા મળવાપાત્ર થશે નહી. તે સિવાય કોઈપણ રજા ભોગવશે તો પગારની કપાત કરવામાં આવશે. મહિલા કર્મચારીઓના રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે.

૧૦. પાંચ વર્ષના સમયગાળાના ફિક્સ વેતનથી નિમણુંક પામેલ કર્મચારીઓને સંસ્થાના મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઈ હક્ક પ્રાપ્ત થશે નહી તેમજ સરકારશ્રી તરફથી વખતો વખતના અન્ય નિયમો/શરતો વહીવટી હિત માટે નક્કી થાય તો તે પણ બંધનકર્તા રહેશે.

૧૧. ઉમેદવારે અજમાયશી સમયગાળા દરમ્યાન સા.વ.વિ. ના તા. ૩૦/૦૯/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક; પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરવાની રહેશે.

૧૨. સરકારશ્રીની ભરતીમાં ગેરલાયક ઠરેલ ઉમેદવાર અરજી કરી સકશે નહી.

૧૩. અધૂરી વિગત વાળી કે આધારો વગરની અરજીઓ, સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ તથા નિયત શૈક્ષણીક લાયકાત વગરની અને પ્રોસેસ ફીના ડી.ડી. વગરની અરજી આપોઆપ રદ ગણાશે.

૧૪. ગ્રામવિદ્યાપીઠો માટેની આચાર સંહિતાનો અભ્યાસ કરી તે પ્રમાણેની તૈયારી હોય તે જ અરજી કરે.

૧૫. ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે - તે તબક્કે "રદ" ગણવામાં આવશે.

૧૬. ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાંસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વિગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી સંસ્થા દ્વારા "રદ" કરીં શકાશે. તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી / નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક, મંડળ/ નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબકકે "રદ" કરવામાં આવશે.

૧૭. પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે તમામ શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

૧૮. કોઈ ઉમેદવાર જયારે એક કરતાં વધુ જગ્યા માટે અરજી કરે છે ત્યારે તેને દરેક અરજી માટે અલગ-અલગ નિયત અરજી ફોર્મ ભરવાના રહેશે અને તેમાં રૂ. ૫૦૦/- નો ડી.ડી. (ડિમાન્ડ

ડ્રાફટ)પણ અલગથી **ACHARYA SABAR GRAM SEVA MAHAVIDHYALAY,** PAYABLE AT PRANTIJ ના નામનો આપવાના રહેશે. પ્રોસેસ ફી અને નિયત નમૂના વગરની અરજી રદ ગણવામાં આવશે.

૧૯. કોઈપણ સરકારી અનુદાન મેળવતી કે સરકારી સંસ્થામાં કામ કરતાં હોય અને આ જગ્યા માટે અરજી કરવી હોય તેવા ઉમેદવારોએ ખાતાના વડા મારફતે અરજી કરવાની રહેશે. અને ના વાંધા પ્રમાણપત્ર ફરજીયાત જોડવાનું રહેશે.

૨૦. ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાઓનું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

૨૧. સદર ભરતી પ્રક્રિયા રાજય સરકારશ્રીના, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, સામાન્ય વહીવટ વિભાગ તથા નાણા વિભાગના ભરતીના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ કરવામાં આવશે.

૨૧. NOC મુજબની સબંધિત જગ્યા સીધી ભરતીથી ભરવાની હોઈ શારીરિક યોગ્યતા, ચારિત્ર્ય સંબંધિત તપાસ, નાગરિક સંબંધિત શરતો, અજમાયશી ગાળા અંગેની શરત, નિયોકતાની પૂર્વ સંમતિ, નિમણૂંક બાદ ખાતાકીય પરીક્ષા વગેરે સબંધે સંસ્થા / યુનિવર્સિટી / રાજય સરકારશ્રીમાં જોગવાઈ કરવામાં આવેલ ન હોય તો, ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ના ભાગ-૩ અને ભાગ-૪માં દર્શાવ્યા મુજબ યથાયોગ્ય રીતે લાગુ કરવાના રહેશે.

૨૨. ગુજરાત સરકારશ્રી તથા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા વખતો વખતના કામગીરી સંબંધિત નિયમો નિમણૂંક પામનાર ઉમેદવારને બંધનકર્તા રહેશે અને પાલન કરવાનું રહેશે.

૨૩. આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંચાલક મંડળને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને સંચાલક મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

૨૪. NOC સંદર્ભે અંતિમ નિર્ણય કરવાનો અધિકાર તથા NOC ની શરતોમાં ફેરફાર કરવાનો હક્ક તથા પૂર્વ મંજુરી સમયે ઉમેદવારના સંદર્ભે રાજય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો/ઠરાવોની જોગવાઈઓને આધિન શરતો નક્કી કરવાનો હક્ક ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીનો રહેશે.

૨૫. આ જાહેરાત અન્વયે અર્થઘટન બાબતે જે તે સંવર્ગના ભરતી નિયમો અને પરીક્ષા નિયમો આખરી રહેશે.

## નાગરિકત્વ:

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ ૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતો હોવો જોઈએ.

## વયમર્યાદા:

૧. જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ: ૦૭/૦૪/૨૦૨૬ ના રોજની વય ગણવામાં આવશે.

૨. અનામત વર્ગના ઉમેદવારોનો બિન-અનામત જગ્યા માટે અરજી કરશે તો તેવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહી.

| ક્રમ | જગ્યાનું નામ | વય મર્યાદા |
|---|---|---|
| ૧ | જુનિયર ક્લાર્ક | ૨૦ વર્ષ થી ૩૫ વર્ષ |
| ૨ | સિનિયર ક્લાર્ક | ૨૦ વર્ષ થી ૩૫ વર્ષ |
| ૩ | વિસ્તરણ અધિકારી | ૨૦ વર્ષ થી ૩૭ વર્ષ |

## વયમર્યાદામાં છૂટછાટ

| કેટેગરી | છૂટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૦ વર્ષ |
| સામાન્ય કેટેગરીના દિવ્યાંગતા ધરાવતા પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના દિવ્યાંગતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૧૦+૫ =૧૫) | ૧૫ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| માજી સૈનિક ઉમેદવારો | ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલી ફરજના સમયગાળા ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે. | |

**શૈક્ષણિક લાયકાત**

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|
| ૧ | જુનિયર ક્લાર્ક | માંન્ય યુનિવર્સિટીના સ્નાતક |
| ૨ | સિનિયર ક્લાર્ક | માન્ય યુનિવર્સિટીના સ્નાતક |
| ૩ | વિસ્તરણ અધિકારી | એમ.આર.એસ. ૫૫% ગુણ, (બી.આર.એસ. -વિસ્તરણ સાથે કરેલું હોવું જોઈએ) અથવા એમ.એસ.સી. (એગ્રી / એકસટેન્શન) ૫૫% ગુણ અથવા એમ.એસ.ડબલ્યુ. ૫૫% ગુણ |

## કોમ્પ્યુટરની જાણકારી :

ઉમેદવાર રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા. ૧૫/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ નંબર સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫-થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાના પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ અથવા સરકારશ્રી માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમાં/ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમાં અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા

જોઈએ. તેમજ આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝિક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલાં અચૂક રજૂ કરવાનું રહેશે. અન્યથા નિમણુંક મળવાપાત્ર થશે નહીં તેમજ નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી રદ કરશે.

## પરીક્ષા પધ્ધતિ :

સંચાલક મંડળ નિયત સમય મર્યાદામાં રજીસ્ટર સ્પીડપોસ્ટ દ્વારા મળેલ અરજીઓની (એક કરતાં વધુ અરજી કરેલ છે કે કેમ? અને નિયત ફીનો ડી.ડી. (ડિમાન્ડ ડ્રાફ્ટ) આપેલ છે કે કેમ?)તેની પ્રાથમિક ચકાસણી કરીને લાયક ઉમેદવારની રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના (૧) તા.૦૮/૧૧/૨૦૨૩ના જાહેરનામા ક્રમાંક: ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક તેમજ (૨) તા. ૧૬/૧૨/૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક થી (૩) તા. ૨૨/૦૧/૨૦૨૬ ના જાહેરનામા ક્રમાંક GS/2026/01/0125/K થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પધ્ધતિના નિયમો અનુસાર સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.

ખાસ નોંધ: જુનિયર ક્લાર્ક અને સિનિયર ક્લાર્ક માટે સંયુક્ત પ્રાથમિક કસોટી લેવાશે.

## ૧. જુનિયર કલાર્ક માટે

પ્રાથમિક પરીક્ષા : (૧૫૦ ગુણ સમય: ૨ કલાક)

| | | |
|---|---|---|
| **1** | Gujarati | 15 Marks |
| **2** | English | 15 Marks |
| **3** | General Awareness And Current Affairs | 30 Marks |
| **4** | Quantitative aptitude | 30 Marks |
| **5** | Reasoning | 60 Marks |
| | **Total** | 150 Marks |

- મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારો પસંદ કરવા પ્રથમ તબક્કા માટે પ્રાથમિક પરીક્ષા MCQ (Multiple Choice Question) પ્રકારના પ્રશ્નો ધરાવતી સંયુક્ત સ્પર્ધાત્મક MCQ-OMR પધ્ધતિથી પરીક્ષા લેવામાં આવશે. જેનો વિગતવાર અભ્યાસક્રમ આ સાથે સામેલ મુજબનો રહેશે.
- પ્રાથમિક પરીક્ષા ૧૫૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૧૫૦ ગુણની રહેશે. પરીક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે.
- MCQ (Multiple Choice Question)માં કુલ ચાર વિકલ્પો (A,B,C,D) આપવામાં આવશે. આ ચાર વિકલ્પોમાંથી ઉમેદવારે પ્રશ્નોનો સાચો જવાબ પસંદ કરવાનો રહેશે. પાંચમો વિકલ્પ E (Not Attempt) પ્રશ્નનો જવાબ આપવા માગતા નથી. તેવો આપવામાં આવશે.

- કોઈ પ્રશ્નના સાચા જવાબ બાબતે વિવાદ ઉભો થાય તે કિસ્સામાં પ્રશ્નનો વધુ નજીકનો જવાબ મંડળ દ્વારા માન્ય રાખેલ જવાબ આખરી ગણવાનો રહેશે.
- પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ/વિકલ્પ પસંદ ન કરવાના કિસ્સામાં ૦.૨૫ ગુણ નેગેટીવ માર્કીંગ રહેશે પરંતુ વિકલ્પ E પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં.
- દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામા પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મીનીટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે
- પ્રાથમિક કસોટી ફક્ત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે, પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહીં.
- પ્રાથમિક પરીક્ષાને અંતે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવશે અને મેરીટસના આધારે ભરવાની થતી જગ્યાના સાત ગણા ઉમેદવારોને બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.
- કોઈ કારણોસર પ્રશ્ન રદ કરવામાં આવે તો તેવા સંજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલ પ્રશ્નના ગુણભારમાં પ્રો-રેટા (Pro-Rata) મુજબ ગણતરી કરવામાં આવશે.
- લઘુતમ લાયકી ધોરણ ૪૦% રહેશે.

મુખ્ય પરીક્ષા : (૨૦૦ ગુણ સમય: ૨ કલાક)

પ્રાથમિક પરીક્ષા બાદ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૧/૨૦૨૬ ના જાહેરનામાં ક્રમાંક: GS/2026/01/0125/K થી નિયત કરવામાં આવેલ નિયમો મુજબ મુખ્ય પરીક્ષા MCQ પ્રકારના પ્રશ્નો ધરાવતી પદ્ધતિથી લેવામાં આવશે. મુખ્ય પરીક્ષા અંગેની વિગતો આ સાથે સામેલ મુજબ તથા પરીક્ષાનો અભ્યાસક્રમ આ સાથે સામેલ મુજબ રહેશે.

મુખ્ય પરીક્ષા અંગેની વિગતો નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| 1 | Indian State System and Constitution | 20 Marks |
| 2 | Indian Economy, State Economy, NITI Aayog | 20 Marks |
| 3 | Public Administration and Governance | 20 Marks |
| 4 | Discipline and Ethics in Public Service | 10 Marks |
| 5 | Information on various government Schemes | 30 Marks |
| 6 | Regional, National and International Important Events including Current Affairs | 30 Marks |
| 7 | History and Geography of Gujarat | 20 Marks |
| 8 | Cultural Heritage of Gujarat (Art and Literature) | 10 Marks |
| 9 | Gujarati and English | 20 Marks |
| 10 | Science, Environment and Information Technology | 20 Marks |
| | | 200 Marks |

નોંધ: મુખ્ય પરીક્ષા ૨૦૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૨૦૦ ગુણની રહેશે. પરીક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે

- મુખ્ય પરીક્ષા MCQ (Multiple Choice Question) પ્રકારના પ્રશ્નો ધરાવતી સંયુક્ત સ્પર્ધાત્મક MCQ-OMR પધ્ધતિથી પરીક્ષા લેવામાં આવશે
- MCQ (Multiple Choice Question)માં કુલ ચાર વિકલ્પો (A,B,C,D) આપવામાં આવશે. આ ચાર વિકલ્પોમાંથી ઉમેદવારે પ્રશ્નોનો સાચો જવાબ પસંદ કરવાનો રહેશે. પાંચમો વિકલ્પ E (Not Attempt) પ્રશ્નનો જવાબ આપવા માગતા નથી. તેવો આપવામાં આવશે.
- દરેક પ્રશ્ન 1 ગુણનો હશે.
- અંગ્રેજી વિષય સિવાયના બધા વિષયો માટે પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.
- પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ/વિકલ્પ પસંદ ન કરવાના કિસ્સામાં ૦.૨૫ ગુણ નેગેટીવ માર્કીંગ રહેશે પરંતુ વિકલ્પ E પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં.
- દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામા પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મીનીટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે
- કોઈ પ્રશ્નના સાચા જવાબ બાબતે વિવાદ ઉભો થાય તે કિસ્સામાં પ્રશ્નનો વધુ નજીકનો જવાબ મંડળ દ્વારા માન્ય રાખેલ જવાબ આખરી ગણવાનો રહેશે.
- કોઈ કારણોસર પ્રશ્ન રદ કરવામાં આવે તો તેવા સંજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલ પ્રશ્નના ગુણભારમાં પ્રો-રેટા (Pro-Rata) મુજબ ગણતરી કરવામાં આવશે.
- લઘુતમ લાયકી ધોરણ ૪૦% રહેશે.

## ૨. સિનિયર ક્લાર્ક માટે

પ્રાથમિક પરીક્ષા : (૧૫૦ ગુણ સમય: ૨ કલાક)

| | | |
|---|---|---|
| 1 | Gujarati | 15 Marks |
| 2 | English | 15 Marks |
| 3 | General Awareness And Current Affairs | 30 Marks |
| 4 | Quantitative aptitude | 30 Marks |
| 5 | Reasoning | 60 Marks |
| | **Total** | 150 Marks |

- મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારો પસંદ કરવા પ્રથમ તબક્કા માટે પ્રાથમિક પરીક્ષા MCQ (Multiple Choice Question) પ્રકારના પ્રશ્નો ધરાવતી સંયુક્ત સ્પર્ધાત્મક MCQ-OMR પધ્ધતિથી પરીક્ષા લેવામાં આવશે. જેનો વિગતવાર અભ્યાસક્રમ આ સાથે સામેલ મુજબનો રહેશે.
- પ્રાથમિક પરીક્ષા ૧૫૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૧૫૦ ગુણની રહેશે. પરીક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે.
- MCQ (Multiple Choice Question)માં કુલ ચાર વિકલ્પો (A,B,C,D) આપવામાં આવશે. આ ચાર વિકલ્પોમાંથી ઉમેદવારે પ્રશ્નોનો સાચો જવાબ પસંદ કરવાનો રહેશે. પાંચમો વિકલ્પ E (Not Attempt) પ્રશ્નનો જવાબ આપવા માગતા નથી. તેવો આપવામાં આવશે.

- કોઈ પ્રશ્નના સાચા જવાબ બાબતે વિવાદ ઉભો થાય તે કિસ્સામાં પ્રશ્નનો વધુ નજીકનો જવાબ મંડળ દ્વારા માન્ય રાખેલ જવાબ આખરી ગણવાનો રહેશે.
- પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ/વિકલ્પ પસંદ ન કરવાના કિસ્સામાં ૦.૨૫ ગુણ નેગેટીવ માર્કીંગ રહેશે પરંતુ વિકલ્પ E પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં.
- દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામા પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મીનીટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે
- પ્રાથમિક કસોટી ફક્ત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે, પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહીં.
- પ્રાથમિક પરીક્ષાને અંતે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવશે અને મેરીટસના આધારે ભરવાની થતી જગ્યાના સાત ગણા ઉમેદવારોને બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.
- કોઈ કારણોસર પ્રશ્ન રદ કરવામાં આવે તો તેવા સંજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલ પ્રશ્નના ગુણભારમાં પ્રો-રેટા (Pro-Rata) મુજબ ગણતરી કરવામાં આવશે.
- લઘુતમ લાયકી ધોરણ ૪૦% રહેશે.

મુખ્ય પરીક્ષા :

<u>મુખ્ય પરીક્ષા અંગેની વિગતો નીચે મુજબ રહેશે.</u>

| Paper No. | Subject | Marks | Duration |
|---|---|---|---|
| 1 | Gujarati Language Skill | 100 | 3 Hours |
| 2 | English Language Skill | 100 | 3 Hours |
| 3 | General Studies | 150 | 3 Hours |
| Total Marks | | 350 | - |

નોંધ :

- ગુજરાતી પ્રશ્નપત્રનું ધોરણ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ના ધોરણ-12 (ઉચ્ચ સ્તર)ના ગુજરાતી વિષય જેટલું સમકક્ષ રહેશે.
- અંગ્રેજી પ્રશ્નપત્રનું ધોરણ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ના ધોરણ-12 (ઉચ્ચ સ્તર)ના અંગ્રેજી વિષય જેટલું સમકક્ષ રહેશે.
- દરેક પ્રશ્નપત્ર માટેનો વિગતવાર અભ્યાસક્રમ બોર્ડ અથવા સરકારશ્રી દ્વારા નિર્ધારિત મુજબ રહેશે.
- મુખ્ય પરીક્ષાના પ્રશ્નપત્રો વર્ણનાત્મક (Descriptive Type) પ્રકારના રહેશે.
- દિવ્યાંગ વર્ગના ઉમેદવારને લાગુ પડે તે મુજબ દરેક એક કલાકના પ્રશ્નપત્ર માટે પ્રતિ કલાક વીસ મિનિટનો વધારાનો (Compensatory) સમય આપવામાં આવી શકે છે.
- લઘુતમ લાયકી ધોરણ દરેક પેપર માટે ૪૦% રહેશે.

## ૩. વિસ્તરણ અધિકારી માટે

### Part-A

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા Data Interpretation | 30 |
| ૨ | ગાણિતીક કસોટીઓ | 30 |
| 3 | ભારતનું બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રીહેન્સન' | 30 |
| | કુલ ગુણ | ૯૦ |

### Part-B

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |
| | કુલ ગુણ | ૧૨૦ |

નોંધ: અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

- Part-A માં કુલ ૯૦ પ્રશ્નો અને Part-B માં કુલ ૧૨૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે. Part-A અને Part-B બંને માટે સંયુકત રીતે કુલ 3 કલાક (૧૮૦ મિનિટ)નો સમય મળવાપાત્ર થશે.
- Part-A અને Part-B નું સ્વતંત્ર (અલાયદું) Qualifying Standard રહેશે.
- સ્પર્ધાત્મક પરીક્ષાના Part-A માટે ન્યુનત્તમ ગુણવત્તા ધોરણ ૪૦% અને Part-B માટે ન્યુનત્તમ ગુણવત્તા ધોરણ ૪૦% રાખવામાં આવેલ છે. તેમાં કોઈપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું ન્યુનત્તમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઈપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં. પરીક્ષાના Part-A અને Part-B માં ન્યુનત્તમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) જાળવીને કુલ ગુણના આધારે કુલ જગ્યાના આશરે બે ગણા ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે મંડળ દ્વારા લાયક (કવોલીફાય) ગણવામાં આવશે.
- જે તે જગ્યા (સંવર્ગ)ની જાહેરાત અન્વયે મંડળ દ્વારા તે સંવર્ગની MCQ - OMR પધ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા લેવામાં આવશે.
- કોઈ કારણોસર પ્રશ્ન રદ કરવામાં આવે તો તેવા સંજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલ પ્રશ્નના ગુણભારમાં પ્રો-રેટા (Pro-Rata) મુજબ ગણતરી કરવામાં આવશે.

- MCQ (Multiple Choice Question)માં કુલ ચાર વિકલ્પો (A,B,C,D) આપવામાં આવશે. આ ચાર વિકલ્પોમાંથી ઉમેદવારે પ્રશ્નોનો સાચો જવાબ પસંદ કરવાનો રહેશે. પાંચમો વિકલ્પ E (Not Attempt) પ્રશ્નનો જવાબ આપવા માગતા નથી. તેવો આપવામાં આવશે.
- દરેક પ્રશ્ન 1 ગુણનો હશે.
- અંગ્રેજી વિષય સિવાયના બધા વિષયો માટે પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.
- પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ/વિકલ્પ પસંદ ન કરવાના કિસ્સામાં ૦.૨૫ ગુણ નેગેટીવ માર્કીંગ રહેશે પરંતુ વિકલ્પ E પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં.
- દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામા પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મીનીટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે
- કોઈ પ્રશ્નના સાચા જવાબ બાબતે વિવાદ ઉભો થાય તે કિસ્સામાં પ્રશ્નનો વધુ નજીકનો જવાબ મંડળ દ્વારા માન્ય રાખેલ જવાબ આખરી ગણવાનો રહેશે.

## પગાર ધોરણ:

નાણાં વિભાગના તા ૧૬-૨-૨૦૦૬ તથા તા. ૨૯/૪/૨૦૧૦ અને તા.૬/૧૦/૨૦૧૧, તા.૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-ઝ-૧ તેમજ તા. ૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: - ખરચ -૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)-ઝ.૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે નીચે મુજબના નિયત ફિકસ પગારથી નિમણૂંક અપાશે. તેમજ ઉકત કરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. તદ્ઉપરાંત સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૩-૧૦- ૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક- સીઆરઆર-૧૧-૨૦૧૫-૩૧૨૯૧૧-ગ ૫ અને નાણા વિભાગના તા. ૨૮-૦૩-૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ-૧ તા.૧૮/૦૧/૨૦૧૭ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણુંક મેળવવાને પાત્ર થશે. તેમ છતાં, આ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ SLP No. 14124/2012 અને SLP No 14125/2012 ના આખરી ચુકાદાને આધીન રહેશે

| ક્રમ | જગ્યાનું નામ | પગાર ધોરણ |
|---|---|---|
| ૧ | જુનિયર ક્લાર્ક | પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર (૧૯૯૫૦) |
| ૨ | સિનિયર ક્લાર્ક | પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર (૧૯૯૫૦) |
| 3 | વિસ્તરણ અધિકારી | પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર (૩૮૦૯૦) |

## પ્રતિક્ષા યાદી તૈયાર કરવાની પધ્ધતિ :

ઉમેદવારોએ ઉકત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના મેરીટસ આધારે ભરવાની થતી જગ્યાની વિગતો ધ્યાને લઈ સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૭ /૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨ની જોગવાઈઓ ધ્યાને લઈ પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

## સામાન્ય સુચનાઓ

- અરજી કરતાં પહેલાં અરજી કરનાર ઉમેદવારે જાહેરાતના નિયમો, વિગતવાર સૂચનાઓ અને શરતો ઉમેદવારે પોતે ધ્યાનથી કાળજીપૂર્વક વાંચવી જરૂરી છે.
- ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો જોડે તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત-સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.)
- ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવ છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં સંસ્થા તરફથી આ પરિક્ષાને સબંધિત પરીક્ષાલક્ષી કેટલીક સુચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ પર SMS થી મોકલવામાં આવશે તેથી અરજીપત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે.
- પરીક્ષા પધ્ધતિમાં જણાવ્યા પ્રમાણે નિયત કરેલ પરીક્ષા પધ્ધતિ મુજબ પસંદગીની પ્રક્રિયા કરવામાં આવશે. જે સંબંધિત ઉમેદવારોએ ધ્યાને લેવી. ઉમેદવારો માટે પરીક્ષા સંદર્ભે સૂચનાઓ કોલેજની વેબસાઇટ પર મૂકવામાં આવશે. અરજી ફોર્મ ભરતા સમયે દર્શાવેલ મોબાઈલ નંબર તથા ઈ-મેઈલ જાળવી રાખવા જરૂરી અને આપના હિતમાં છે.
- અનામત વર્ગના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન અનામતના ધોરણો લાગુ પડશે.
- ઉમેદવારે જે જગ્યા પર અરજી કરેલ હોય, તે જગ્યાનું નામ કવર ઉપર સ્પષ્ટ લખવાનું રહેશે.
- અરજી કરતી વખતે પ્રમાણપત્રોમાંની વિગતોને આધારે નિયત અરજી ફોર્મમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહેશે. આથી પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડયાનું પ્રમાણપત્ર તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને નિયત અરજી ફોર્મમાં પ્રમાણપત્રોને આધારે સાચી વિગતો ભરવાની રહેશે. અરજી માંની ખોટી, અધુરી કે અસ્પષ્ટ વિગતોના કારણે અરજી રદ થવાપાત્ર રહેશે. આથી ઉમેદવારે નિયત અરજીફોર્મ કાળજીપૂર્વક ભરવાનું રહેશે.
- સંસ્થા જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, ટ્રસ્ટનાં અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા

માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીણાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણુંક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિદિષ્ટ કરેલ તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર'થવા ઉપરાંત-(ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક કરાવી શકશે, અથવા (ખ)(૧) મંડળ. સીધી પસંદગી માટે લેવાતી કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (૨) રાજય સરકારશ્રી પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે. (૧૩) ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી / અર્થ સરકારી/ સરકારશ્રી હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

- ગુજરાત સરકારશ્રી દ્વારા જાહેર પરીક્ષામાં થતી ગેરરીતિ તથા પ્રશ્નપત્રો લીક થવા બાબતનો Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023 અધિનિયમ માર્ચ,૨૦૨૩ થી અમલી કરેલ છે. આથી, સંસ્થા દ્વારા આયોજિત તમામ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાઓને જાહેર પરીક્ષાઓ તરીકે ગણવાની થતી હોવાથી સદર અધિનિયમ મંડળની પરીક્ષાઓમાં પણ લાગૂ પડે છે. આથી, ઉક્ત તમામ જાહેરાતોની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં જો કોઈ પણ ઉમેદવાર Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023 ની જોગવાઈઓનો ભંગ કરતો જણાઈ આવશે અને તેમાં કસૂરવાર સાબિત થશે તો તેની સામે સદર અધિનિયમમાં દર્શાવ્યા મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- સંસ્થા ધ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે.
- પસંદગી પામેલ ઉમેદવારે નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

- ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં, નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.
- ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધિન રહેશે.

આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંસ્થાને સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને સંસ્થા આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

# જુનિયર કલાર્ક અભ્યાસક્રમ

## જુનિયર ક્લાર્ક  તથા સિનિયર ક્લાર્ક પ્રાથમિક પરીક્ષા

**Appendix – F:**

**(Rule 6 (2) , 7, 14 (1))**

1. Scheme for Common Preliminary Examinatioh for all Cadres

**150 Marks** **Time: 2 Hours**

| Sr. No. | Topic | Marks |
|---|---|---|
| 1 | Guajarati | 15 |
| 2 | English | 15 |
| 3 | General Awareness and Current Affairs | 30 |
| 4 | Quantitative Aptitude | 30 |
| 5 | Reasoning | 60 |
| | **Total** | **150** |

## <u>જુનિયર ક્લાર્ક પ્રાથમિક પરીક્ષા માટેનો વિગતવાર અભ્યાસક્રમ નીચે મુજબ રહેશે.</u>

## અભ્યાસક્રમ

### (1) English (15 Marks)

1) Tenses
2) Voices(Active and Passive voice)
3) Direct/Indirect Speech
4) Articles and Determiners
5) Use of Adjectives, Prepositions and Conjunctions
6) Use of Verbs and Adverbs
7) Noun, Pronoun
8) Jumbled words and sentences
9) Synonyms
10) Antonyms
11) Words that cause confusion like Homonyms/Homophones
12) Transformation of Sentence
13) Use of Idiomatic Expressions
14) One word Substitution
15) English-Gujarati Translation

### (2) Gujarati (15 Marks)

1) રૂઢિપ્રયોગનો અર્થ
2) કહેવતનો અર્થ
3) સમાસનો વિગ્રહ અને તેની ઓળખ
4) છંદ
5) અલંકાર
6) શબ્દસમૂહ માટે એક શબ્દ
7) જોડણીશુદ્ધિ
8) લેખનશુદ્ધિ/ભાષાશુદ્ધિ
9) સંધિ જોડો કે છોડો
10) સમાનાર્થી શબ્દ
11) વિરુદ્ધાર્થી શબ્દ
12) વિભકિત
13) ધ્વનિ
14) વ્યંજન-સ્વર જોડી શબ્દ બનાવો
15) શબ્દોને શબ્દકોષનાં ક્રમમાં ગોઠવો
16) વાક્યપરિવર્તન
17) ગુજરાતી-અંગ્રેજી ભાષાંતર

## (3) General Awareness and Current Affairs (30 Marks)

## (4) Quantitative Aptitude (30 Marks) (ધોરણ-૧૦ સમકક્ષ)

| | | |
|---|---|---|
| 1 | સંખ્યા પદ્ધતિ | Number System |
| 2 | લ.સા.અ. અને ગુ.સા.અ. | LCM and HCF |
| 3 | ટકાવારી અને ભાગીદારી | Percentage and Partnership |
| 4 | નફો-ખોટ | Profit-Loss |
| 5 | સાદુ અને ચક્રવૃદ્ધિ વ્યાજ | Simple and Compound Interest |
| 6 | ગુણોત્તર અને પ્રમાણ | Ratio and Proportion |
| 7 | સમય અને કાર્ય, વેતન અને સાંકળનો નિયમ | Time and Work. Wages and chain rule |
| 8 | સમય, ઝડપ અને અંતર | Time, Speed and Distance |
| 9 | મધ્યક, મધ્યસ્થ અને બહુલક | Mean, Mode and Median |
| 10 | કૌંસ અને વિસ્તરણ | Brackets and Expansions |
| 11 | વર્ગ અને વર્ગમૂળ, ઘન અને ઘનમૂળ, ઘાત અને ઘાતાંક | Square and Square Roots, Cube and Cube Roots, Exponents |
| 12 | બહુપદીઓ અને અવયવીકરણ | Polynomials and Factorisation |
| 13 | દ્વીચલ સુરેખ સમીકરણ અને દ્વિઘાત સમીકરણ | Pair of Linear Equations in Two Variables and Quadratic Equations |
| 14 | ક્ષેત્રફળ, પૃષ્ઠફળ અને ઘનફળ (ચોરસ, લંબચોરસ, ત્રિકોણ, વર્તુળ, ઘન, લંબઘન, નળાકાર, શંકુ, અર્ધગોલક, ગોલક) | Area, Surface Area and Volume (Square, Rectangle, Triangle, Circle, Cube, Cuboid, Cylinder, Cone, Hemisphere, Sphere) |
| 15 | યામભૂમિતિ અને ત્રિકોણમિતિ | Coordinate Geometry and Trigonometry |

## (5) Reasoning (60 Marks) (ધોરણ-૧૦ સમકક્ષ)

| | | |
|---|---|---|
| 1 | કોડિંગ-ડિકોડિંગ | Coding-Decoding |
| 2 | લોહીનો સંબંધ | Blood Relation |
| 3 | ઊંમર અને ઊંચાઇ સંબંધિત પ્રશ્નો | Problem on Age and Height |
| 4 | દિશા જ્ઞાન | Direction Knowledge |
| 5 | ઘડીયાળ અને કેલેન્ડર | Clock and Calendar |
| 6 | વેન ડાયાગ્રામ | Venn Diagram |
| 7 | ક્રમ અને સ્થાન | Rank and Position |
| 8 | સમાંતર શ્રેણી | Arithmetic Progression |
| 9 | શબ્દોની તાર્કિક ગોઠવણી | Logical Sequence of Words |
| 10 | ખૂટતી કડી (સંખ્યા) શોધો | Insert the missing Character |
| 11 | શબ્દ, આંકડાકીય તથા સામાન્ય સામ્યતા | Word, Numerical and General Analogy |

| | | |
|---|---|---|
| 12 | ચિત્ર આધારિત સામાન્ય તાર્કિક પ્રશ્નો | Picture Based General Logical Questions |
| 13 | સંભાવના | Probability |
| 14 | માહિતીનું અર્થઘટન અને માહિતીની પર્યાપ્તતા | Data Interpretation and Data Sufficiency |
| 15 | સંમિતિ | Symmetry |
| 16 | Mathematical Operations | Mathematical Operations |
| 17 | ગાણિતિક મૉડેલીંગ | Mathematical modeling |
| 18 | ગણિતમાં સાબિતીઓ, | Proofs in Mathematics |
| 19 | તાર્કિક અને ગાણિતિક વિશ્લેષણાત્મક ક્ષમતા | Logical and Mathematical Analytical Ability |
| 20 | નિવેદન અને અનુમાન | Statement and Prediction |

## જુનિયર ક્લાર્ક મુખ્ય પરીક્ષા માટેનો અભ્યાસક્રમ નીચે મુજબ રહેશે.

**200 Marks** **Time: 2 Hours**

| | | |
|---|---|---|
| 1 | Indian State System and Constitution | 20 |
| 2 | Indian Economy, State Economy, NITI Aayog | 20 |
| 3 | Public Administration and Governance | 20 |
| 4 | Discipline and Ethics in Public Service | 10 |
| 5 | Information on various government Schemes | 30 |
| 6 | Regional, National and International Important Events including Current Affairs | 30 |
| 7 | History and Geography of Gujarat | 20 |
| 8 | Cultural Heritage of Gujarat (Art and Literature) | 10 |
| 9 | Gujarati and English | 20 |
| 10 | Science, Environment and Information Technology | 20 |
| | Total | 200 |

# સિનિયર ક્લાર્ક અભ્યાસક્રમ

## સિનિયર ક્લાર્ક મુખ્ય પરીક્ષા માળખું

| Paper No. | Subject | Marks | Duration |
|---|---|---|---|
| I | Gujarati Language Skill. | 100 | 3 Hours |
| II | English Language Skill. | 100 | 3 Hours |
| III | General Studies. | 150 | 3 Hours |
| | Total Marks | 350 | - |

# સિનિયર ક્લાર્ક મુખ્ય પરીક્ષા માટેનો વિગતવાર અભ્યાસક્રમ નીચે મુજબ રહેશે.

Appendix – II

Main Exam Syllabus (Descriptive Test for Group – A)

Paper-I : ગુજરાતી (મુખ્ય પરીક્ષા) : (Descriptive)

ગુણ-૧૦૦ માધ્યમ - ગુજરાતી સમય-૩ કલાક

| અનુક્રમ | અભ્યાસક્રમ વિગત | ફાળવાયેલ ગુણ |
|---|---|---|
| ૧ | નિબંધ : ત્રણ પૈકી કોઈ પણ એક (આશરે ૨૫૦ શબ્દોમાં)<br>(વર્ણનાત્મક / વિશ્લેષણાત્મક / ચિંતનાત્મક / સાંપ્રત સમસ્યા પર આધારિત.) | ૧૫ |
| ૨ | વિચાર વિસ્તાર (ત્રણ પૈકી કોઇ પણ બે) કાવ્યપંક્તિઓ કે ગદ્યસૂક્તિનો વિચાર વિસ્તાર<br>(આશરે ૧૦૦ શબ્દોમાં પ્રત્યેક) | ૫ x ૨ = ૧૦ |
| ૩ | સંક્ષેપીકરણ : આપેલા ગદ્યખંડમાંથી આશરે ૧/૩ ભાગમાં તમારા શબ્દોમાં સંક્ષેપ. | ૧૦ |
| ૪ | ગદ્ય સમીક્ષા: આપેલા ગદ્યખંડના આધારે પૂછેલા પ્રશ્નોના જવાબો લખો. | ૧૦ |
| ૫ | પ્રચાર માધ્યમો માટે નિવેદનો તૈયાર કરવા (આશરે ૧૦૦ શબ્દો.) | ૦૫ |
| ૬ | પત્ર લેખન (અભિનંદન/ શુભેચ્છા/ વિનંતી / ફરિયાદ વગેરે) (આશરે ૧૦૦ શબ્દોમાં). | ૦૫ |
| ૭ | ચર્ચાપત્ર (આશરે ૧૫૦ શબ્દોમાં) (વર્તમાનપત્રમાં પ્રજાના પ્રશ્નો / સાંપ્રત સમસ્યાઓ / વ્યક્તિગત અભિપ્રાય રજૂ કરતું ચર્ચાપત્ર). | ૧૦ |
| ૮ | અહેવાલ લેખન (આશરે ૧૫૦ શબ્દોમાં). | ૧૦ |
| ૯ | ભાષાંતર : અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ (૧૦ વાક્યો) | ૧૦ |
| ૧૦ | ગુજરાતી વ્યાકરણ:<br>સૂચવ્યા મુજબ જવાબ લખો. (આ પ્રશ્નોમાં આંતરિક વિકલ્પો રહેશે નહીં)<br>૧. રૂઢિપ્રયોગોનો અર્થ અને તેનો વાક્યપ્રયોગ.<br>૨. કહેવતોનો અર્થ.<br>૩. સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ.<br>૪. છંદ ઓળખવો.<br>૫. અલંકાર ઓળખવો.<br>૬. શબ્દસમૂહ માટે એક શબ્દ.<br>૭. જોડણી શુદ્ધિ.<br>૮. લેખન શુદ્ધિ / ભાષા શુદ્ધિ.<br>૯. સંધિ - જોડો કે છોડો.<br>૧૦. વાક્ય રચનાના અંગો / વાક્યના પ્રકાર / વાક્ય પરિવર્તન. | ૧૫ |
| | કુલ | ૧૦૦ |

**Paper-II:** **English (Main Examination)** **(Descriptive)**

**Marks-100** **Medium-English** **Time-3 Hours**

| Sr. No. | Type of Question | Marks to be allotted |
|---|---|---|
| 1 | ESSAY (in about 250 words) Choose any one topic from a list of three.<br>(Descriptive analytical/philosophical/ based on Current Affairs). | 15 |
| 2 | LETTER WRITING (in about 150 words):<br>A formal letter expressing one's opinion about an issue.<br>The issues can deal with daily office matters/ a problem that has occurred in the office/ an opinion in response to one sought by a ranked officer/issues pertaining to recent concern etc. | 10 |
| 3 | REPORT WRITING (in about 150 words):<br>A report on an official function/event/field trip/survey etc. | 10 |
| 4 | WRITING ON VISUAL INFORMATION (in about150 words): A report on a graph / image / flow chart / table of comparison/simple statistical data etc. | 10 |
| 5 | FORMAL SPEECH (in about 100 words):<br>A speech (in a formal style) that is to be read out in a formal function. This could be an inauguration speech, an educational seminar/conference, a formal ceremony of importance etc | 05 |
| 6 | PRECIS WRITING<br>A precis in about 50 words for a 150-word passage. (one paragraph) | 05 |
| 7 | READING COMPREHENSION: A-reading two passage of about 150 words to be given followed by short-answer type questions. | 10 x 2 = 20 |
| 8 | ENGLISH GRAMMAR: (10 Questions having 2 marks each from the following)<br>a. Tenses.<br>b. Voice.<br>c. Narration (Direct-Indirect).<br>d. Transformation of sentences.<br>e. Use of Articles and Determiners.<br>f. Use of Prepositions.<br>g. Use of Phrasal verbs.<br>h. Use of idiomatic expressions.<br>i. Administrative Glossary.<br>j. Synonyms/Antonyms.<br>k. One-word substitution.<br>.l Cohesive devices/Connectives/Linkers.<br>m. Affixes.<br>n. Words that cause confusion like homonyms/homophones. | 20 |
| 9 | TRANSLATION:<br>Translation of a Short Passage (of about 100 words) from Gujarati to English. | 05 |
| | Total | 100 |

**Paper-III:** **General Studies (Main Examination)** **(Descriptive)**

**Marks-150** **Medium-Gujarati** **Time-3 Hours**

**(a) History of india (15 Marks)**

1. Indus Valley Civilization: Characteristics, Places, Society, Cultural History, Art and Religion. Indus Valley Civilization and Gujarat Vedic Age- Jainism and Buddhism, Nanda Dynasty.
2. Maurya and Gupt empires.
3. Vijayanagara Dynasty and Important dynasties of South India.
4. Important dynasties of Gujarat: their administration, art, architecture, literature, science and technologies.
5. Educational Institutions: Takshshila, Nalanda and Valabhi.
6. Arrival of Europeans in India, establishment and expansion of British rule in India 1757 to 1856, land revenue system. Permanent conscription, raiyatwari and mahalwari. Education system.
7. India's Freedom struggle of 1857: religious and social reform movements in India and Gujarat in the 19th century factors responsible for the rise of nationalism in India, Indian National Congress.
8. Rise of Mahatma Gandhi on the national scene and the impact of his ideas, principles and teachings on the political, social, economic, religious, and cultural life of India.
9. Role of Sardar Patel in Independence Movement and Post-Independence Integration
10. Indian revolutionaries in India and abroad, Azad Indian Army and Subhas Chandra Bose.
11. Post-Independence India: Reorganization of country states, Mahagujarat movement, Important events.

**(b) Cultural heritage (15 Marks)**

1. Salient features of Indian culture and its art forms, literature, sculpture and architecture from ancient to modern times.
2. Indian cinema and theatre and its impact on society.
3. Arts and Crafts of Gujarat.
4. Gujarati theatre.
5. Folk culture and Oral Tradition of Gujarat: Its Significance, Characteristics and Implications.
6. Coastal culture and tribal culture of Gujarat.

**(c) Geography (15 Marks)**

1. Study of physical features and resources of Gujarat and India: major landforms, climate, soil, rocks, rivers, reservoirs, vegetation, minerals and water resources.
2. Economic History: Primary, Tertiary and Quaternary.
3. Social and Demographic Geography.
4. Developmental and environmental issues, sustainable development, globalization; Its Social and Economic Impacts. Natural disasters, carbon emissions, pollution, disaster Management. Global Response to the problems of Climate Change and Environmental Degradation: Key treaties and conventions.

**(d) Science and Technology (10 Marks)**

1. Integrating science, technology and innovation for a better human life, Science and Technology in everyday life: India's contribution in the field of science and technology, challenges and obstacles in application and diffusion of science and technology, role and scope of science and technology in nation building.
2. Information and Communication Technologies: (ICT) Its Importance, Benefits and Challenges, E-Governance and policies regarding India, Cybercrime and Cyber Security.
3. India's space programs - Past, Present and Future.
4. Energy Policy and Nuclear Policy of India: Its Importance, benefits and challenges of technology in defense services.
5. Achievements of Indians in the field of science and technology.

**(e) Events of regional, national and international importance (30 Marks)**

**(f) Indian State System and Constitution. (20 Marks)**

1. Constitution of India and its salient features.
2. Functions and duties of Union and State,Governments of India.
3. Issues and challenges related to federal structure - Role of Governor in states.

**(g) Public administration and governance (20 Marks)**

1. Meaning, Nature and Scope of Public Administration, evolution in India, legacy of British rule.
2. Role of civil services in democracy.
3. Government policies and interventions, implementation issues and problems with regard to the development of various sectors.
4. Development Process - Role of civil societies, non-governmental organizations and other stakeholders. statutory, regulatory and various quasi-judicial bodies.
5. Good Governance and e-Governance Transparency, accountability and sensitivity in governance - Bill of Rights, Right to Information, Public Service Act and its implications of this survey, social research and its importance.
6. Division of Powers between central and State Governments (central List, State List, Concurrent List). issues and challenges.
7. Important constitutional amendments.
8. Constitutional Institutions and their Role.
9. Parliament and State Legislatures Jurisdictions and Related Topics: Structure, Functioning, Governance, Powers and Special.
10. Judiciary in India - Structure and Functioning, Important Provisions and Constitutional Amendments related to Emergency, Judicial Review, Public Petitions.
11. Rights related issues (Human Rights, Women's Rights, Rights of Scheduled Castes and Scheduled Tribes, Rights of Children) etc.
12. Important International Organizations Agencies, various organizations and their structure.

**(h) Discipline in public service (10 Marks)**

1. Ethics and Human Interaction: Essence, Determinants and Implications/Impacts on Human Behavior, Consequences: Dimensions of Ethics, Ethics in Personal and public Relations, Ethics in public Services, Truthfulness and Accountability - Right to Information Act, Public Services Act and its implications.
2. Attitude: Basic elements, Functions; its effect on thoughts and behavior/behavior and relationship, character and political attitudes; Social influence and the role of persuasion/promotion.
3. Emotional Intelligence: Concept, Its Usefulness and Applications in Management and Governance.
4. Human Values: The Role of Family, Society and Educational Issues in Educating Citizens about Values.
5. Ethics related issues and challenges-Anti-corruption system, Lokpal, Lokayukta.
6. Case study of matter related to the above order (1-5).

**(i) Indian economy and Planning (15 Marks)**

1. Indian Economy: Emergence and Development of Planning Practice in India, Central and State Government's economic performance, dynamics, challenges, new initiatives, reforms etc. Important events, developments and social sector initiatives. Niti Aayog: Objectives, Constitution and Functions, Social Audit, Agriculture, Industries, Infrastructure Sector and Service Sector.
2. Regulatory Framework for Finance and Ranking: Concepts, Structure and Role. Monetary policy and fiscal policy.

3. Indian Public Finance: Indian Tax System, public expenditure, Public Debt, deficit and aid in Indian Economy, Centre and State Fiscal Relations.
4. Various indicators of economy, Important institutions of India involved in public administration.
5. Rural Development and Rural Economy- Challenges and Policies; Employment policies /Schemes in India.
6. The Economy of Gujarat- An Overview, Economy, economic and social infrastructure development policies of Gujarat in comparison with India and other states. Co-operative movement in Gujarat and its impact on socio-economic aspects of life.
7. Infrastructure: Power, Ports, Roads, Airports, Railways, Telecommunications; Social Impact Assessment.

**Paper-3 (General Studies): Questions and Marks distribution:**

| Marks per question | Approximate words per question | Number of questions | Total Marks |
|---|---|---|---|
| 1 Mark | 10-20 | 10 | 10 |
| 2 Marks | 20-30 | 10 | 20 |
| 3 Marks | 30-50 | 30 | 90 |
| 5 Marks | 100 | 06 | 30 |
| **Total** | - | 56 | 150 |

By order and in the name of the Governor of Gujarat,
MEHUL K. VASAVA,
Deputy Secretary to Government.

----------

# ૩. વિસ્તરણ અધિકારી

## Part-A

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા Data Interpretation | ૩૦ |
| ૨ | ગાણિતીક કસોટીઓ | ૩૦ |
| ૩ | ભારતનું બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રીહેન્સન | ૩૦ |
| | કુલ ગુણ | ૯૦ |

## વિસ્તરણ અધિકારી PART -B ૧૨૦ માર્કસ

| ક્રમ | વિભાગ | ગુણ |
|---|---|---|
| ૧ | વિષય સંબધિત અભ્યાસક્રમ | ૧૨૦ |
| | ૧. વિસ્તરણ એટલે શું? વિસ્તરણ શિક્ષણ એટલે શું? સામાન્ય શિક્ષણ અને વિસ્તરણ શિક્ષણ વચ્ચેનો તફાવત, વિસ્તરણ શિક્ષણના સિધ્ધાંતો - જરૂરિયાત - મહત્વ, વિસ્તરણ શિક્ષણની પ્રક્રિયા અને પધ્ધિતો<br>૨. નેતા અને નેતૃત્વનો અર્થ, નેતાના' પ્રકારો, નેતાના કાર્યો, સ્થાનિક નેતાનું વિસ્તરણ કાર્યમાં મહત્વ ,ગ્રામનેતા માટે તાલીમ શિબિર, અભિપ્રેરણાનો અર્થ પ્રકારો અને ખાસિયતો, અભિપ્રેરણાને અસર કરતાં પરિબળો અને અભિપ્રેરિત કરવાની રીતો, જાહેર પ્રવચન અર્થ, મહત્વ પૂર્વતૈયારી પ્રવચનની જરૂરિયાત<br>૩. સામાજિક સંશોધનની વિભાવના, અર્થ, વ્યાખ્યા અને કાર્યક્ષેત્ર, સામાજિક સંશોધનની પ્રક્રિયા અને સોપાનો અને સંશોધન પ્રક્રિયા તથા પધ્ધતિશાસ્ત્ર - પધ્ધતિઓ અને પ્રકાર<br>૪. સામુદાયિક વિકાસ અર્થ, હેતુઓ અને સામુદાયિક વિકાસ યોજનાની અસરો, ભારતમાં સામુદાયિક વિકાસ કાર્યક્રમોની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ. સામુદાયિક વિકાસની પ્રક્રિયા.<br>૫. સંકલીત બાળ વિકાસ યોજના. (I.C.D.S.) જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ કાર્યક્રમ. (વોટરશેડ યોજના) આત્મા પ્રોજેક્ટ્સ, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ બાંહેધરી એકટ. (MNREGA) 'આત્મનિર્ભર ભારત અભિયાન<br>૬. કાર્યક્રમ આયોજન અર્થ અને જરૂરિયાત, કાર્યક્રમ આયોજનના પગથિયાં, ગામલોકોને સક્ષમ બનાવવાના ક્રમિક પગલાં, સહભાગી ગ્રામિણ ચકાસણી (P.R.A.) અર્થ, સિધ્ધાંતો, પધ્ધતિઓ અને ઉપયોગિતા, સૂક્ષ્મ આયોજન એટલે શું? સુક્ષ્મ આયોજનની લાક્ષણીકતાઓ અને પગથીયા.<br>૭. સરકારશ્રીની કૃષિ/પશુપાલન/બાગાયત વિભાગની વિવિધ યોજનાઓ<br>૮. ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિનો વિકાસ, સહકારી દૂધ મંડળીનો ગ્રામ વિકાસમાં ફાળો, સહકારી બેંકો અને ગ્રામિણ વિકાસ<br>૯. લોકભાગીદારીનો ખ્યાલ, લોકભાગીદારીના અભિગમ, લોકભાગીદારીની સામાજિક રચનાતંત્ર પર અસર<br>૧૦. ગ્રામવિકાસમા ખેતી અને પશુપાલનનું મહત્વ, ગ્રામવિકાસમા ખેતી અને પશુપાલના પ્રશ્નો અને ઉકેલ, ગ્રામવિકાસમાં કૃષિ અને ટેકનોલોજીનો ફાળો, કૃષિ, બાગાયત અને પશુપાલનનું પ્રાથમિક જ્ઞાન<br>૧૧. ગુજરાત સરકારશ્રીનું ગ્રામવિકાસમાં વહીવટી માળખું<br>૧૨. પંચાયતી રાજનો અર્થ. પંચાયતી રાજના હેતુ-ઉદ્દેશ્ય, ૭૩માં બંધારણીય સુધારા પહેલાનું પંચાયતી રાજ, ૭૩મો બંધારણીય સુધારો, ૭૩મા | |

બંધારણીય સુધારા બાદ પંચાયતી રાજ, ગુજરાતમાં પંચાયતી રાજનું ત્રીસ્તરીય માળખું

૧૩. ગ્રામિણ સમુદાયનો અર્થ, ગ્રામિણ સમુદાયની વિશેષતાઓ, ગ્રામિણ સમુદાયનું મહત્વ, ગ્રામિણ અને શહેરી સમુદાયનો તફાવત, ગ્રામિણ સમુદાયમાં આવતા પરિવર્તન અને તેના કારણો

૧૪. માનવવિકાસની ઉત્પતિનો સંક્ષિપ્ત ઈતિહાસ, માનવવિકાસના ઘટકતત્વો- માથાદીઠ આવક, જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય, એકંદરે સાક્ષરતા, પ્રૌઢ સાક્ષરતા, આરોગ્ય અને અન્ય પ્રાથમિક નિર્દેશકો

૧૫. માનવવિકાસ અહેવાલ, પધ્ધતિ, વિશ્વ તથા ભારતના માનવવિકાસનું એકંદરે ચિત્ર

૧૬. સંદેશા વ્યવહારમાં અર્થ, પ્રક્રિયા, અસરકાર સંદેશા વ્યવહારની ટેકનિક, સાધનો

૧૭. ગામ વિકાસની વિભાવના, અને ગામ વિકાસની સ્વૈચ્છિક સંસ્થાઓ

૧૮. કાર્યક્રમ આયોજન - અર્થ, પરિપાલનના સિદ્ધાંતો, પગથિયાં, કાર્યક્રમ મૂલ્યાંકન

| ક્રમ | સભ્યશ્રી | હોદ્દો | સહી |
|---|---|---|---|
| ૧ | કનુભાઈ એમ. પટેલ | ટ્રસ્ટનાં પ્રતિનિધિ | |
| ૨ | ડૉ. પ્રજ્ઞાબેન વાઢેર | સરકારશ્રી ના પ્રતિનિધિ | |
| ૩ | ડૉ. પ્રકાશચંદ્ર એન. પટેલ | કા.આચાર્ય | |
| ૫ | ડૉ. અજયકુમાર કે. પટેલ | જિલ્લા બહારના કેળવણીકાર | |
| ૬ | ડૉ. મુકેશભાઈ પી. પ્રજાપતિ | વિષય નિષ્ણાંત | |